PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

**<u>ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર</u>**

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com**

પીજીવીસીએલ/સીજીઆરએફ/૭૫/કવા–૦૧/૧૭–૧૮/ ૬૦૬૦ તા. ૧૭/૦૭/૧૭

<u>રજી. એ.ડી. પત્ર</u>

પ્રતિ,
રસીકભાઈ આંબાભાઈ રાબડીયા,
ગામ: માધુપુર–ગીર,
<u>તા. તાલાલા – ગીર,</u>
<u>જી. ગીર – સોમનાથ</u>
<u>પીનકોડ –૩૬૨૧૫૦</u>
મો: ૯૯૧૩૪૯૫૪૧૪

**વિષય :–પીડીસી થયેલ ખેત જોડાણ ને પુનઃ ચાલુ કરાવવા બાબત**
<u>સંદર્ભ:– આપની અરજી , તા. ૨૨–૦૬–૧૭ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૭૫/કવા–૦૧/૧૭–૧૮ )</u>

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં.-૩.)

<u>નકલ રવાના :</u>
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી , જુનાગઢ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી વેરાવળ
(૩) <u>નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વીભાગીય કચેરી,આકોલાવાડી</u>

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No:- 01 [H]

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

**પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

| કેસ નં. : સીજીઆરએફ : ૭૫/ક્વા–૦૧/૧૭–૧૮ | કમિટી મીટીંગ: તા. ૧૪–૦૭–૧૭ | સ્થળ : જુનાગઢ |
|---|---|---|

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

**અરજદાર (ફરીયાદી): નામ: રસીકભાઈ આંબાભાઈ રાબડીયા, ગામ: જુનાગઢ**

**રજુઆત કરનાર: અરજદાર શ્રી રસીકભાઈ આંબાભાઈ રાબડીયા હાજર રહેલ હતા.**

**વિરુધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : પેટા વીભાગીય કચેરી,આકોલાવાડી (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી વેરાવળ)**

**રજુઆત કરનાર :ડી.વી.લાખાણી (કાર્યપાલક ઈજનેર શ્રી વિભાગીય કચેરી વેરાવળ)**

---

**: હુકમ :**

**ફરીયાદ : પીડીસી થયેલ ખેત જોડાણ ને પુન: ચાલુ કરાવવા બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓશ્રી એ, તેમના હૈયાત જોડાણ મા, અગાઉ અપાયેલ એવા રૂ.૨૦,૩૨૫/– ના ભાવપત્રક ની રકમ, અગાઉ તા.૦૧–૦૮–૨૦૦૧ ના રોજ, રસીદ નંબર: ૨૦૩૨૫ થી પીજીવીસીએલ મા ભરપાઈ કરી અને કાયમી ધોરણે રેગ્યુલર જોડાણ મેળવી લીધેલ છે. તદ ઉપરાંત, પીજીવીસીએલ તરફથી કરાયેલ પાવર થેફ્ટ સબંધક કાર્યવાહી ની, લોક અદાલત દ્વારા નિર્ણીત એવી રૂ.૮૧,૦૦૦/– ની રકમ પણ તેઓએ વર્ષ–૨૦૧૩ મા પીજીવીસીએલ મા ભરપાઈ કરી આપેલ છે. આમ, તેઓના સદર ખેતીવાડી વીજજોડાણ મા પીજીવીસીએલ ની બાકી રહેતી તમામ રકમ ભરપાઈ કરી આપેલ હોવા છતા – તેમનુ સદર હૈયાત જોડાણ, જે અગાઉ કપાત થયેલ હતુ, તે જોડાણ પુન: ચાલુ કરવાની, પીજીવીસીએલ તરફથી કોઈ કાર્યવાહી કરાયેલ ન હોય – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર શ્રી ની ઉપરોક્ત મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની અરજી મા વર્ણવ્યા મુજબ ની બાબત ના અનુસંધાને, કચેરી મા હૈયાત રહેલ રેકર્ડ અભ્યાસે લેતા જણાયેલ છે કે, શ્રી રસીકભાઈ આંબાભાઈ રાબડીયા એ, તેમના ગામ: માધુપુર ગીર ખાતે આવેલ ખેતીવાડી સર્વે નંબર : ૧૯/૨ પૈકી મા, સામાન્ય યોજના હેઠળ ના નવા ૦૫ હોપા ના ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે ની અરજી, જે તા.૨૬–૦૬–૧૯૯૨ ના રોજ સબંધક પેટા વિભાગીય કચેરી મા નોંધાવેલ હતી. |
| ૨.૨ | ત્યારબાદ, અરજદારે ઉપરોક્ત મુદદા નં.૨.૧ મુજબ ની વિગતે ની, મુળ તા.૨૬–૦૬–૧૯૯૨ ની અરજી ને, જે તે સમય ની તત્કાલ ખેતીવાડી યોજનામા પરીવર્તીત કરાવવા માટે નિયત નોંધણીચાર્જ ની રકમ, જે તા.૧૭–૦૪–૨૦૦૧ ના રોજ પીજીવીસીએલ ની સબંધક કચેરી મા ભરપાઈ કરેલ હતી. જે અરજી મંજુર કરી અને પીજીવીસીએલ તરફથી, તત્કાલ સ્કીમ હેઠળ નુ, મંજુરી અન્વયે નુ, તા.૧૨–૦૫–૨૦૦૧ ના રોજ, ભાવપત્રક નં. ૮૬૩૪૨૮ અપાયેલ હતુ. જેની રકમ રૂ.૨૦,૩૨૫/–, જે અરજદારે રસીદ નંબર: ૯૭૧૧૦ થી તા.૦૧–૦૮–૨૦૦૧ ના રોજ પીજીવીસીએલ મા ભરપાઈ કરેલ હતી. ઉપલબ્ધ રેકર્ડ – એટલેકે, સામાન્ય પ્રતિક્ષાયાદી રજીસ્ટર મા કરાયેલ નોંધ મુજબ, '' પાવર થેફ્ટ '' નો ઉલ્લેખ થયેલ છે. તદ ઉપરાંત, ભાવપત્રક '' મુદત ની સમયમર્યાદા વધારા '' ની નોંધ પણ થયેલ હોવાની બાબત જણાયેલ છે. વિશેષ મા, પીજીવીસીએલ તરફથી કરાયેલ પાવર થેફ્ટ સબંધક કાર્યવાહી અંતર્ગત ની, લોક અદાલત દ્વારા તા.૦૪–૦૭–૨૦૧૦ ના રોજ સંપન્ન કરાયેલ સમાધાન મુજબ ની કાર્યવાહી ના ભાગરૂપ, અરજદાર તરફથી બાકી લેણી રકમ ના તમામ હપ્તાઓ, તા.૧૬–૦૭–૨૦૧૨ સુધીમા ભરપાઈ કરેલ હોવાની બાબત પણ રેકર્ડ આધારીત રીતે સ્પષ્ટ થયેલ છે. ત્યારબાદ, અરજદાર શ્રી ને તા.૨૮–૦૪–૨૦૧૦ ના રોજ, રૂ.૧૫,૨૨૦/– ની રકમ નુ, ભાવપત્રક નં: ૩૪૩ અપાયેલ હતુ. જેની રકમ અરજદાર શ્રી એ, રસીદ નંબર: ૦૫૯૭૫૩૫ થી |

| | |
|---|---|
| | તા.૧૧–૦૬–૨૦૧૦ ના રોજ પીજીવીસીએલ મા ભરપાઈ કરી આપેલ હતી. તદ ઉપરાંત, સવાલવાળા ખેતીવાડી વીજજોડાણ નં.:૮૮૪૨૮/૧૦૨૪૮/૧ ની કેઈસ ફાઈલ મા જોડાણ ચાલુ કરવા માટે નો રીલીઝ ઓર્ડર નંબરઃ ૭૦૩૩ તા.૧૨–૧૦–૨૦૧૧ પણ ઉપલબ્ધ છે. તથા, સદર જોડાણ ને, ખેતીવાડી વીજજોડાણ નં.:૮૮૪૨૮/૧૦૨૪૮/૧ થી રીલીઝ કરાયેલ હોવાની બાબત પણ સ્પષ્ટ થયેલ છે. વિશેષ મા, અરજદાર શ્રી નુ સદર જોડાણ ચાલુ કરવા માટેના રીલીઝ ઓર્ડર મા, તેમજ જોડાણ ચાલુ કરવાની કાર્યવાહી બાબત મા, સબંધક કચેરી ના જવાબદાર અધિકારી તરફથી કરાયેલ ગેરરીતી ના કારણોસર, '' જવાબદાર અધિકારી સામે '' થયેલ ખાતાકીય કાર્યવાહી ની બાબત પણ રેકર્ડ આધારીત રીતે સ્પષ્ટ થયેલ છે. |
| <u>૨.૩</u> | આમ, ઉપરોકત મુદ્દા નં.૨.૨ મુજબ ની વિગતે નુ, ફરીયાદી અરજદાર શ્રી નુ સવાલવાળુ ખેતીવાડી વીજજોડાણ નં.:૮૮૪૨૮/૧૦૨૪૮/૧, જે તે '' સબંધક અધિકારી દ્રારા થયેલ ગેરરીતી '' ના કારણોસર અગાઉ રીલીઝ કરાયેલ હોવાના કારણોસર, પીજીવીસીએલ તરફથી સદર ગેરકાયદેસર ધોરણ હેઠળ ચાલુ કરાયેલ જોડાણ તા.૩૦–૦૮–૧૩ ના રોજ કાપવામા આવેલ છે. જે જોડાણ ચાલુ કરવા માટે, અરજદારે અગાઉ પીજીવીસીએલ મા ભરપાઈ કરેલ '' તત્કાલ સ્કીમ હેઠળ ના નવા ખેતીવાડી વીજજોડાણ '' ની મંજુરી ના ભાવપત્રક ની રકમ રૂ.૨૦,૩૨૫/– જે પીજીવીસીએલ મા રસીદ નંબરઃ ૯૭૧૧૦, તા.૦૧–૦૮–૨૦૦૧ થી ભરપાઈ કરેલ હોવાની બાબત ને, કાયદેસર નો આધારગણી, અને અરજદારે તેમનુ અગાઉ પીજીવીસીએલ તરફથી મંજુર કરાયેલ જોડાણ, જે તે સમયે, અરજદાર શ્રી તરફથી કોઈપણ પ્રકારના કારણો વગર, પરંતુ માત્ર પીજીવીસીએલ ના જ કારણોવાળા સંજોગોવસાત પીજીવીસીએલ તરફથી ચાલુ કરાયેલ ન હોય, જે જોડાણ ચાલુ કરવા માટે માંગણી કરેલ છે. ફરીયાદી અરજદાર શ્રી ની સદર માંગણી , જે ખેતીવાડી ની જમીન સર્વે નંબર : ૧૯/૨ પૈકી મા કરાયેલ છે. તે જમીન ની માલીકી પણ અરજદાર શ્રી ની જ છે. |

<u>મુદ્દા નં.–૩ :</u> : <u>નિષ્કર્ષ</u> :

| | |
|---|---|
| <u>૩</u> | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદ્દા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદ્દા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| <u>૩.૧</u> | ફરીયાદી અરજદાર શ્રી ની સવાલવાળી અરજી મા જણાવ્યા મુજબ નુ, તેમના ગામઃ માધુપુર ગીર ખાતેના ખેતીવાડી સર્વે નંબર : ૧૯/૨ પૈકી મા, અગાઉ નોંધાયેલ મુળ તા.૨૬–૦૬–૧૯૯૨ ના રોજ ની, સામાન્ય યોજના હેઠળ ના, નવા ૦૫ હોપા ની અરજી, જે અરજદાર શ્રી તરફથી, ત્યારબાદ તા.૧૭–૦૪–૨૦૦૧ ના રોજ, જે તે સમય ની ખેતીવાડી તત્કાલ સ્કીમ હેઠળ પરીવર્તીત કરવાની અરજી ના અનુસંધાને, પીજીવીસીએલ પક્ષકાર તરફથી, અરજદાર શ્રી ની મુળ તા.૨૬–૦૬–૧૯૯૨ ની અરજી ને, તત્કાલ ખેતીવાડી સ્કીમ હેઠળ મંજુરી આપી, અને તા.૧૨–૦૫–૨૦૦૧ ના રોજ મંજુરી અન્વયે નુ રૂ.૨૦,૩૨૫/– નુ ભાવપત્રક નં.: ૮૬૩૪૨૮, અપાયેલ હતુ. જેની રકમ રૂ.૨૦,૩૨૫/– જે અરજદાર શ્રી એ રસીદ નંબરઃ ૯૭૧૧૦ તા.૦૧–૦૮–૨૦૦૧ ના રોજ પીજીવીસીએલ મા ભરપાઈ કરી આપેલ હતી.<br>પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ કરાયેલ અહેવાલ મુજબ – અરજદાર શ્રી ને અગાઉ અપાયેલ પાવર થેફટ સબંધક રકમ પણ, ફરીયાદી અરજદાર શ્રી એ, લોકઅદાલત દ્રારા કરાયેલ સમાધાન ના અનુસંધાને, તા.૧૬–૦૭–૨૦૧૨ સુધીમા ભરપાઈ કરી આપેલ હતી. અને પીજીવીસીએલ તરફથી, જે તે સમયે અરજદાર શ્રી ની, સદર મુળ તા.૨૬–૦૬–૧૯૯૨ ના રોજ ની અરજી વાળુ, તત્કાલ ખેતીવાડી વીજજોડાણ નં.:૮૮૪૨૮/૧૦૨૪૮/૧ થી ચાલુ પણ કરી આપવામા આવેલ હતુ. પરંતુ, પીજીવીસીએલ દ્રારા રીલીઝ કરાયેલ એવુ ફરીયાદી અરજદાર શ્રી નુ સદર ખેતીવાડી વીજજોડાણ નં.:૮૮૪૨૮/૧૦૨૪૮/૧, જે પીજીવીસીએલ પક્ષકાર તરફથી, '' સદર જોડાણ ના રીલીઝ ઓર્ડર મા – તેમજ જોડાણ ચાલુ કરવાની પ્રક્રીયા મા '' સબંધક પેટા વિભાગીય કચેરી ના, જવાબદાર અધિકારી તરફથી કરાયેલ ગેરરીતી ના કારણોસર, તા.૩૦–૦૮–૧૩ ના રોજ કાપવામા આવેલ છે. |
| <u>૩.૨</u> | આમ, ઉપરોકત મુદ્દા નં. ૩.૧ મુજબ ની વિગતે નુ, અરજદાર શ્રી નુ તા.૩૦–૦૮–૧૩ ના રોજ કપાયેલ એવુ સદર ખેતીવાડી વીજજોડાણ નં.:૮૮૪૨૮/૧૦૨૪૮/૧ – '' જે પીજીવીસીએલ કક્ષાની બેદરકારી ના કારણોસર જ કપાયેલ છે કે? ફરીયાદી અરજદાર શ્રી ના કારણોસર જ કપાયેલ છે ? – એટલેકે, ફરીયાદી અરજદાર પર પીજીવીસીએલ દ્રારા કરાયેલ કોઈ કાનુનન કાર્યવાહી ના ભાગરૂપ કપાયેલ છે? તેમજ, જો ફરીયાદી પક્ષકાર તરફથી, પીજીવીસીએલ સમક્ષ રજુ કરાયેલ બાબતો, હકીકતો અને દસ્તાવેજીક પેપર્સ – જે નિયમાધીન યોગ્ય ન હોવાના કારણોસર કપાયેલ છે? તદ ઉપરાંત, ફરીયાદી અરજદાર પાસે પીજીવીસીએલ ની કોઈ બાકી લેણી રકમ હોય? ફોજદારી / દીવાની કેઈસ પડતર હોય ? કે અરજદાર પક્ષકાર ના એવા કારણોસર કપાયેલ હોય, જે કારણ પીજીવીસીએલ ની નિયમાધીન પ્રક્રીયા હેઠળ માન્ય રાખવા પાત્ર હોય, તે મુજબ નુ અરજદાર પક્ષકાર નુ કારણ હોય? '' તો તેની વિગતવાર સ્પષ્ટતાઓ, પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ સમક્ષ રજુ કરાયેલ અહેવાલ મા દર્શાવેલ નથી. સદર જોડાણ કપાત કરવા માટે, '' પીજીવીસીએલ ના સબંધક અધિકારી ની ગેરરીતી જ માત્ર જવાબદાર હોય? અને સબંધક અધિકારી પર ખાતાકીય પગલા લેવાયેલ હોય? તથા ફરીયાદી અરજદાર સામે પીજીવીસીએલ તરફથી કોઈ કાર્યવાહી કરાયેલ ન હોય? '' તો |

| | |
|---|---|
| | આ તમામ બાબતો ને નજરસમક્ષ રાખી – જો, અરજદાર પક્ષકાર નિર્દોષ જણાયેતો – ફરીયાદી અરજદાર શ્રી નુ સદર જોડાણ પુનઃ ચાલુ કરવાની બાબત, પીજીવીસીએલ પક્ષકાર માટે નિયમાધીન યોગ્ય અને વ્યાજબી હોવાનો સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |
| **૩.૩** | આમ, ઉપરોક્ત મુદદા નં. ૩.૨ મુજબ ની વિગતને આનુષાંગીક રહીને – ફરીયાદી અરજદાર શ્રી ના માંગણી મુજબ ના સ્થળ નુ, કાર્યપાલક ઈજનેર કક્ષાએથી જ, સ્થળ નિરીક્ષણ કરીને, તાંત્રીક સ્થીતી ની અદ્યતન જાણકારી મેળવીને, જોડાણ ખરેખર અપાયેલ ન હોવા બાબત ની વાસ્તવિક ખરાઈ કરીને, તેમજ ફરીયાદી પક્ષકાર સામે, પીજીવીસીએલ ની કોઈ બાકી લેણી રકમ વસુલાત પાત્ર ન હોય, તદ ઉપરાંત ફરીયાદી અરજદાર સામે કોઈ દિવાની / ફોજદારી કેઈસ પડતર ન હોય, તે તમામ બાબત ની ખાત્રી મેળવીને, તેમજ માંગણી મુજબ નુ ખેતીવાડી સર્વે નંબર : ૧૯/૨ પૈકી ની જમીન વાળુ સ્થળ અને કુવો / બોર, જે અરજદાર શ્રી ની માલીકી હેઠળ નુ હોવા સબંધક પંચાયત / મામલતદાર કચેરી ના અદ્યતન સ્થીતી ના દસ્તાવેજીક પેપર્સ મેળવીને, તદ ઉપરાંત અરજદાર પાસેથી, જરૂર જણાયે, જે બાંહેધરીપત્ર / સોગંદનામા, જે નિયમાધીન અંતર્ગત અરજદાર પાસેથી મેળવવા પાત્ર હોય, તો જ માત્ર તેવા દસ્તાવેજીક પેપર્સ, તેમજ કરારનામુ તથા ટેસ્ટ રીપોર્ટ વગેરે પેપર્સ, આમ, સદર કેઈસ ની સંપુર્ણ ફાઈલ, જે અદ્યતન સ્થીત ના નિયમાધીન તમામ દસ્તાવેજીક પેપર્સ સાથે તૈયાર કરી, અને તે મુજબ, બીલીંગ રેકર્ડ મા, સદર નવુ જોડાણ નોંધાવી, તે મુજબ ની તમામ પ્રક્રીયાઓ સંપન્ન કરીને, અરજદાર શ્રી નુ સદર જોડાણ, જે દિન–૨૦ મા જ, અરજદાર શ્રી ની હાજરી, જાણકારી અને સંતોષ અને તેમના લેખીત સંમતીપત્ર હેઠળ ચાલુ કરી, અને તે મુજબ નો, સદર ફરીયાદી નુ નિરાકરણ પીજીવીસીએલ કક્ષાએથી થયેલ હોવા સબબ નો અહેવાલ, ફોરમ સમક્ષ રજુ કરવા સબબ નો, પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા બાબતે નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદદા નં.–૪ :**

**હુકમ**

| | |
|---|---|
| **૪.૧** | સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ અને ૩.૨ મુજબ ની વિગતો ને આનુષાંગીક રહીને, ફરીયાદી અરજદાર શ્રી નુ સદર જોડાણ, જે ઉપરોક્ત મુદદા નં. ૩.૩ મુજબ ની વિગતે, અરજદાર શ્રી ના લેખીત સંમતીપત્ર હેઠળ દિન–૨૦ મા જ ચલુ કરી, અને સદર ફરીયાદ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ હોવા સબબ નો અહેવાલ, ફોરમ સમક્ષ રજુ કરવા માટે નો, પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા સબબ નો હુકમ કરાયેલ છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એચ.પી.કોઠારી)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.